

(તસવીર : દિપક જાની)

નાબાર્ડના ચેરમેન ડૉ. પ્રકાશ બક્ષી આજે ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે હતા. તેમણે આજે ગાંધીનગર સે. ૧૬માં આવેલ દેનાબેંકની રિજીયોનલ ઓફિસમાં જિલ્લાના બેંકર્સ સાથે બેઠક કરી સખી મંડળોને અપાયેલ બેંક લીંકેજીસ તેમજ તેના ઉપાડ સહિત કેટલાક મહત્વના મુદ્દાઓ પર વિચાર વિમર્શ કર્યો હતો. તેમણે ગાંધીનગરમાં બેંકર્સ સાથે યોજેલ બેઠકમાં ગ્રામીણ વિસ્તારમાં બેંકોના ગ્રાહકોની જાગૃતિ પર વધુ ભાર મુક્યો હતો.

# ૫૭૭૬ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થયુ : સૌરભ પટેલ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ઉર્જા મંત્રી સૌરભ પટેલે વીજ ક્ષેત્રને લગતા જુદા-જુદા પ્રશ્નોના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ અને ૨૦૧૩માં ગુજરાતમાં પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે કુલ ૪૫૪૬૦૩ કરોડ રૂપિયાના મૂડીરોકાણ માટે સમજુતિના કરારો થયા હતા.

ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલના પ્રશ્નના લેખિત જવાબમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ બન્ને એમઓયુપૈકી વર્ષ ૨૦૧૧ના સમિટમાં પાવર પ્રોજેક્ટ માટે રૂ.૪૮૯૫.૬૨૫ કરોડનું મૂડીરોકાણ થયુંછે. સૌરભ પટેલે અશ્વિન કોટવાલના વધુ એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યના તમામ પ્રકારના વીજ વપરાશ કરતા ગ્રાહકોને પર્યાપ્ત વીજળી પુરી પાડી શકાય તેમાટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર તથા અલગ-અલગ ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવા લાંબા ગાળાના કરારો કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય રાજ્ય સરકારો પાસેથી વીજળી ખરીદવાના કોઈ કરારો કરવામાં આવ્યા નથી.

વીજમંત્રીએ જણાવ્યું હતું કે, ખાનગી વીજ ઉત્પાદકો તથા બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોતમાંથી લાંબા ગાળાના સમય માટે વીજ ખરીદીના કરારો ગુજરાત વીજ નિયમન આયોગ પાસે માન્ય કરાવવામાં આવે છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ વીજળીની ખરીદી વીજ ખરીદ કરારની શરતો મુજબ કરી છે અને ખાનગી કંપનીઓને છેલ્લાં બે વર્ષમાં વીજ ખરીદી કરારોની શરતો મુજબ બળતણ ખર્ચ તથા કરવેરાની વધઘટ સિવાય કોઈ ભાવ વધારો કરી આપ્યા નથી.

ઉર્જામંત્રી સૌરભ પટેલે ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોશીયારાના પ્રશ્નના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે, તા.૩૧મી જાન્યુઆરી ૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ૫૭૩૬ મે.વોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. જેમાં તા.૧લી ફેબ્રુઆરી ૨૦૧૧થી તા.૩૧મી જાન્યુઆરી ૨૦૧૨ દરમિયાન ૧૦૨૦ મે.વોટ તથા તા.૧લી ફેબ્રુઆરી ૨૦૧૨થી તા.૩૧મી જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન ૪૭૧૬ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, તા.૩૧મી જાન્યુઆરી ૨૦૧૩ના રોજ રાજ્યની મહત્તમ વીજ માંગ ૧૦૪૦૪ મેગાવોટ હતી. આ જરૂરિયાત સામે આગોતરા આયોજનના ભાગરૂપે વિવિધ સ્ત્રોત દ્વારા વીજ ઉત્પાદન મેળવાયું હોઈ, કોઈ વીજ ખાધનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી.

# ડીસામાં તસ્કર રાજ: બંધ મકાનમાંથી સાત લાખની ચોરી કરી તસ્કરો રફુચર

ડીસા, તા. ૧૧

ડીસામાં છેલ્લા એકાદ વર્ષથી અજાણ્યા તસ્કરો અને પોલીસ વચ્ચે સંતા કુકડીની રમત ચાલતી હોય તે રીતે તસ્કરો બેફામ બની અનેક ઘરફોડ ચોરીયો કરતાં અને પોલીસ એકપણ ગુનો ડીટેક ન કરી શકતાં તસ્કર રાજ જેવી સ્થિતી સર્જાઇ છે. જેમા ધોળે દિવસે પાટણ રોડ પર આવેલ એક વહેપારીના મકાનમાં ઘુસી તસ્કરોએ રોકડ તેમજ દાગીના સહીતની સાત લાખની ઘરફોડ ચોરી કરતાં લોકોમાં ભય ફેલાયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો જોતા ડીસા પાટણ હાઈવે પર આવેલી હિમાલય સોસાયટીમાં થોડા દિવસ અગાઉ ચોરીને અંજામ આપ્યા બાદ ગઈ કાલે નવીન ચોરીમાં પાટણ હાઈવે પર આવેલા સપ્તરિશી બંગ્લોઝ ખાતે રહેતા લખુભાઈ ભગવાનદાસ ગુલબાણીના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. જેમાં બપોરના સુમારે લખુભાઈ ગુલબાણી પરીવાર સાથે સત્સંગમા ગયા હતાં. તેવા સમયે ઘાત લગાવી બેસેલા તસ્કરોએ ઘરનો દરવાજો તોડી તીજોરીની અંદરથી રૂપિયા ૨ લાખ રોકડા અને ૫ લાખ રૂપિયાના સોના ચાંદીના દાગીનાની ચોરી કરી હતી ધોળે દિવસે ભરચક વિસ્તારમાં ચોરી કરી અજાણ્યા તસ્કરો રફુચર થઇ ગયા હતાં. જે બાદ મોડી સાંજે લખુભાઈ ઘરે આવ્યા ત્યારે તેમના ઘરમાં ચોરી થયાની જાણ થતાં તેમને તાત્કાલીક ડીસા શહેર પોલીસ મથકે ફરીયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી હતી.આ મામલે ડીસા શહેર પોલીસે તપાસ હાથ ધરેલ છે. જયારે સમયાંતરે થતી ચોરીઓથી શહેરીજનોમાં ભય ફેલાયો છે.

## હળવાશની ક્ષણોમાં! (ચોથા પાનાનું ચાલું)

થોડા સમય પહેલાં અમારા મિત્રે જયારે ઉપરોક્ત તેમનાં પરિચિતને અમુક ન્યૂઝ પેપર અંગે પુછેલું ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે - "ઓફિસમાં તો આવે છે તેથી ઓફિસમાં જ અલપઝલપ વાંચી લઇએ છીએ ! પછી ઘેર મગાવવાની શું જરૂર?!"

આ સાંભળી અમારો મિત્ર તો સ્તબ્ધ થઇ ગયો !

અરે જે ન્યૂઝ પેપરમાં નગરનાં ખૂણેખૂણાના સમાચાર આવતાં હોય, નગરની કોઇ દીકરી પાયલોટ બની આકાશમાં ઉડાન ભરે કે કોઇ દીકરી ગુજરાતની કે દેશની પ્રથમ ડ્રિલીંગ એન્જીનીયર બની દૂર દૂર રાજયમાં સફળતા પૂર્વક કામગીરી બજાવી રહી હોય તેવી વ્યક્તિઓનાં ફોટા સાથેની ફુલ સ્ટોરી દ્વારા ઘણી હકીકત જાણવા મળતી હોય તેવાં ન્યૂઝ પેપર પર ઓફિસમાં અલપ-ઝલપ નજર ફેરવી લેવાય?!

આ ઉપરાંત સાંસ્કૃતિક પ્રોગ્રામ, કલા, સાહિત્ય વિગેરે અંગેની રસપ્રદ વિગતો વાંચવા મળતી હોય અને ટૂંકમાં ગાંધીનગરની પહેચાન હોય તેવાં ન્યૂઝપેપર માટે માસિક પચાસ-સાઇઠ રૂપિયાની કરકસર?!

અને તે પણ માસિક પચાર હજાર+ રૂપિયા કમાતી વ્યક્તિ દ્વારા?!

તેથી જ અમારા મિત્ર તે ભાઇ પાસેથી આવો "સંકલ્પ પત્ર" લઇ શકાય તો તે હશે "ગાંધીનગર સમાચાર" માટે બર્થ-ડે ગીફ્ટ!


હવે છેલ્લે "ભાંગ" પર તો આવવું જ પડશે ને! - લેખને હેડીંગ આપ્યું છે એટલે!

"સંકલ્પ પત્ર" લઇને અમારે ત્યાં આવેલ મિત્ર સાથે ઘણી બધી વાતો થઇ!

સમર્થ સાહિત્યકાર સ્વ. ઝવેરચંદ મેઘાણીની પૂણ્યતિથિ (૯મી માર્ચ) થી માંડી મહાશિવરાત્રી (દશમી માર્ચ) વિગેરે. અંગેની ઘણી વાતો થઇ. એટલે વાતો ભેળસેળ થઇ ગઇ! હવે તેમાં થયું એવું કે અમારા એક મેગેઝીનનાં "હોળી - ધૂળેટી વિશેષાંક" માટે એક લેખ લખેલ જેને શિર્ષક મારે આપવાનું હતું!

વાતોની ભેળસેળને કારણે મારાથી શિર્ષક અપાઇ ગયું - "ભાંગ પીધી છે જાણી જાણી!"

## શબ્દાવલી - ૫૦૦૪



### આડી ચાવી

૧. આશરે, લગભગ (૪)
૬. તરવાનું કે રમત વગેરે શીખવનાર શિક્ષક (૨)
૭. મનથી માનેલું (૪)
૮. તફાવત, ભેદ (૩)
૯. તોફાન, અશાંતિ (૪)
૧૨. મમ્મીના ભાઈ તે.... (૨)
૧૪. અરીસો, આભલું (૨)
૧૬. શહેર (૩)
૧૮. નર્ક, દોઝખ (૩)
૧૯. સાક્ષી, .... પુરે (૨)
૨૦. કેશ, ઝટીયા (૨)
૨૧. ચાબુક, હંટર (૩)
૨૨. ગીરદી, ભીડ (૩)

### ઊભી ચાવી

૧. તેજ હોય તેને ખાલી... જ કરવી પડે (૩)
૩. ટક ટક, બબાલ (૪)
૪. મનનું બળ (૪)
૫. નખરા (૪)
૮. એલાન, આદેશ (૪)
૧૦. 'કાળ' શબ્દ ઊંધો (૨)
૧૧. વચન તોડવું તે (૫)
૧૩. ગુજરાતી બીજો મહિનો (૨)
૧૫. તક મળે તે ઝડપી લેતું (૪)
૧૭. વટાણા-બટાકાની તીખી વાનગી (૩)

### શબ્દાવલી ૫૦૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) કામચલાઉ (૪) આશા (૬) તાનાશાહી (૮) નચાવનાર (૧૧) કળ (૧૩) નિરાધાર (૧૫) આરામ (૧૭) બાસમતી (૧૮) તબલચી (૨૧) નસ (૨૨) બુરી નજર

**ઊભી ચાવી :-** (૧) કાળજી (૨) ચલાન (૩) ઉતાવળ (૭) આશાર (૫) શાહી (૭) નાના (૯) ચાકર (૧૦) ધરા (૧૧) કર (૧૨) ખમતીધર (૧૩) નિશ્ચેતન (૧૪) ધાંધલ (૨૦) ચીલુ

# પીવાના પાણીનો માસ્ટર પ્લાન બનાવી ગૃહમાં એક દિવસની ચર્ચા કરવાની માંગણી કરતા કેશુભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઉભી થયેલી પાણીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે શું આયોજન કરવું જોઈએ એ અંગે વિધાનસભા ગૃહમાં એક દિવસની ચર્ચા કરવાની માંગણી જી.પી.પી.ના ધારાસભ્ય કેશુભાઈ પટેલે કરી હતી.

આજે વિધાનસભા ગૃહમાં નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતા જી.પી.પી.ના ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજ્યમાં મોટાભાગના વિસ્તારોમાં પીવાના પાણી પહોંચાડવા માટે જે પાઈપલાઈનો નાંખવામાં આવી છે તે પાઈપલાઈનો નાની છે, કાં તો સમ્પ નથી. સમ્પ કોઈ જગ્યાએ તૈયાર થયા હોય તો ત્યાં સુધી નર્મદાનું પાણી પુરતા પ્રમાણમાં પહોંચતું નથી.

તેમણે જણાવ્યું હતું કે એક સમ્પમાંથી ચાલીસ પચાસ કે એથી પણ વધારે ગામોમાં પાણી આપવાનું હોય પાણી ડિસ્ટ્રીબ્યુશનથી એ પુરતુ પાણીય મળતુ નથી. અને ડિસ્ટ્રીબ્યુશનની આખી સિસ્ટમ ખામી ભરેલી છે અને એને કારણે પાંચ દિવસે સાત દિવસે અને હમણાં કહ્યું એમ કોઈ જગ્યાએ બાર દિવસે પાણી પહોંચે છે.

પીવાના પાણીની તંગી છે તેવા વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે જો માસ્ટર પ્લાન નહી હોઈ તો શું થઈ રહ્યું છે એની ખબર નહી પડે એમ જણાવીને તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે રાજ્ય સરકારે માસ્ટર પ્લાન બનાવ્યો નથી અને જો બનાવ્યો હોય તો આ માસ્ટર પ્લાન એકે એક ધારાસભ્યોને આપવો જરૂરી છે. તેમણે રાજ્ય સરકારને સૂચન કરતાં જણાવ્યું હતું કે સરકારે વહેલીતકે માસ્ટર પ્લાન બનાવવો જોઈએ અને આ માટે ગૃહમાં એક દિવસની ચર્ચા આપવી જોઈએ તેવી માંગણી તેમણે કરી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે કેટલાક વિસ્તારોમાં પાણીની જબરજસ્ત સમસ્યા છે પરંતુ સરકાર અમે આ કરીશું એવી વાતો કરે છે તેવો આક્ષેપ કરીને તેમણે જણાવ્યુ હતુ કે કલ્પસર ૯-૪-૨૦૦૪ની સાલમાં એનું ખાતમુહૂર્ત થઈ ગયું છે એ હજુ એમનું એમ પડ્યું છે. એમાંથી પણ પાણી મળી શકે તેમ છે ત્યારે એના માટે પણ કાંઈક વિચાર કરવા સરકારને સૂચન કર્યું હતું.

# ડીસા પાલીકા પ્રમુખ વિપુલ શાહની શહેરી વિકાસકુચ : લાખ્ખોના કામોનું ખાત મુર્હુત

ડીસા, તા. ૧૧

ડીસા નગરપાલીકાના પ્રમુખ વિપુલભાઈ શાહે શહેરી વિકાસકુચને અવિરત પણે ચાલુ રાખી આજે શહેરી વિસ્તારમાં સીસી રોડ, ગટર સહિતના અનેક કામોનું ખાત મુર્હુત કર્યું હતું. લાખ્ખોના ખર્ચે થનારા આ વિકાસ લક્ષી કામોમાં પાલીકા પ્રમુખે શ્રમજીવી વિસ્તારોને પણ આવરી લઈ પાયાની સુવિધા સમાન ગટર અને સીસી રોડના કામો શરૂ કરતાં શ્રમજીવી વિસ્તારોમાં રહેતાં નાગરીકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ડીસા નગરપાલીકાના પ્રમુખ વિપુલભાઈ શાહે શહેરી વિકાસ અને શ્રમજીવી વિસ્તાર જાહેર સુખાકારી પુર્ણરૂપે સજ્જ થાય તે માટે અનેક વિવિધ વિકાસ કામો હાથ ધરેલ છે. જેમાં આજરોજ શ્રમજીવી વિસ્તાર એવા નહેરૂનગર નટવાસ પાસે સીસી રોડનું કામ, નહેરૂનગર બોર પાસે સીસી રોડનું કામ, ઉન્નતીપાર્કમાં સીસી રોડનું કામ રત્નાપાર્કમાં સીસી રોડનું કામનું પાલીકા પ્રમુખ વિપુલભાઈ શાહના વરદ હસ્તે કરાયું હતું.આ પ્રસંગે નગરપાલીકા સદસ્ય લખુભાઈ માળી, મનુભાઈ માળી, શંભભાઈ બારોટ, સહિતના સદસ્યો હાજર રહ્યા હતાં.

આ વિકાસલક્ષી કામો બાબતે માહીતી આપતાં પાલીકા પ્રમુખ વિપુલભાઈ શાહે જણાવ્યું હતું કે, ડીસા શહેરને સ્વચ્છ સુંદર અને રળીયામણુ મોડલ શહેર બનાવાની મેં અને મારા સાથી સદસ્યોએ શહેરીજનોના સહકારે નેમ લીધી છે. જેમાં અમોએ અનેક વિધ કામોને મંજુરી આપેલ છે. જમોં લાયન્સ હોલથી ચંદ્રલોક રોડ, સરસ્વતી હોટલ રોડ, ગવાડી રોડ, રીસાલા રોડ, ઈંદીરાનગર ગટર, રામાપીર મંદિર રેજીમેન્ટ રોડ ગટર, ડોક્ટર આંબેડકર પુતળાથી ચામુંડા સોસાયટી રોડ, રાજપુર રોડ, હરીઓમ સ્કુલ રોડ, હરસોલીયાવાસના કામો, રેજીમેન્ટ ભટીયાણી માતા મંદિર રોડ, ડોલીવાસ રોડ, રાજપુર માળીવાસ રોડ, ફોસીયા પીર સીસી રોડ, માયાનગર રોડ, તેમજ આદર્શ સ્કુલ પાછળની ગટર લાઈન સહિતના અનેક કામો હાથ ધરાશે તેવું જણાવાયું હતું.

# ડીસા માર્કેટયાર્ડ ખાતે નારી સશક્તિકરણ અને સહાયતા માટે સેમીનાર યોજાયો

ડીસા તા. ૧૧

ડીસાના માર્કેટયાર્ડ ખાતે આજે તાજેતરમાં થયેલા અનેકવિધ બનાવોમાં સ્ત્રીઓ પર થતા અત્યાચાર સામે સ્ત્રીઓ ભયમુક્ત બની જાગૃતિ કેળવી પોતાના અધિકારો માટે આગળ આવે તેમાં આજના આંતરાષ્ટ્રીય નારી દિનની ઉજવણી પ્રસંગે અવાજ નારી સહાયતા કેન્દ્ર દ્વારા એક સેમીનાર રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદથી અવાજ સંસ્થાના સ્થાપક મંત્રી ઈલાબેન પાઠક, યોગાંજલિ આશ્રમના સ્થાપક રમીલાબેન ગાંધી તેમજ પાલનપુર લો કોલેજના લિયામક ઈશ્વિનભાઈ કારીયાએ ખાસ હાજરી આપી સ્ત્રીઓની સલામતી મુદ્દે પોતાના મંતવ્યો રજુ કર્યા હતાં.

આ કાર્યક્રમમાં જુની ભવાઈ અને નાટક દ્વારા સ્ત્રીઓ વિરૂધ્ધ થતી હિંસા, બાળ લગ્ન, શાટા અને છેડતી જેવા મુદ્દાઓની અસરકારક રજુઆતો કરવામાં આવી હતી. તેમજ પોલસ અને સ્ત્રીના રધિકારોનો ચિત્રો સાથેનો પ્રદર્શન રજુ કરાયું હતું. આ ઉપરાંત સ્ત્રીઓ વિરૂધ્ધ ઘરમાં થતી હિંસા અને બાળલગ્ન અને સાટા જેવા કુરિવાજોને દુર કરવાની હાંકલ કરાઈ હતી.આ આમ કાર્યક્રમ સ્ત્રી સશક્તિ કરણ અને નારી ઉથ્થાન માટેનો પ્રેરણા દાઈ બનતા મોટી સંખ્યામાં મહિલા આ કાર્યક્રમમાં હાજર રહી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




SANGHI CEMENT
KisaN
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન: (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા: સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૩
સૂર્યાસ્ત : ૬.૪૫

### તાપમાન

મહત્તમ : ૩૫.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૬ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૨૩ ટકા

### મનોરંજન

#### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
સારે જહાં સે મેંહગા : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
મિશન ઓસામા બીન લાદેન : ૧૨.૦૦, ૫.૦૦

: સ્ક્રીન-૨ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન (હોલ્ડ) : ૯.૧૫
કાઈ પૉ છે : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૮.૦૦

: સ્ક્રીન-૩ :
કાઈ પૉ છે : ૧૦.૩૦
ધ એટૅક્સ ઑફ ૨૬/૧૧ : ૧.૦૦, ૩.૩૦
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

#### સૂર્યા, વાવોલ

સિંહણના સૌગંધ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

#### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :
લૂંટેરે : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
સાહેબ બીવી ઔર ગેંગસ્ટર રીર્ટન : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
લૂંટેરે : ૧૨.૪૫, ૫.૧૫

#### ચિરાગ, કલોલ

હું છું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધી શેહરી વિકાસ મંડળ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે કાર્યક્રમ

### ધાર્મિક

- રમીલાબેન ભરતભાઈ ચૌહાણ બી-૬૦૧, પ્રમુખ એલીગન્સ, રાયસણ ખાતે બપોરે ૧.૦૦ કલાકે આનંદનો ગરબો તથા દુર્ગા સપ્તપદીનો પાઠ.

### આપની આજ

**મેષ** : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણે લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે. પ્રસન્નતાનું વાતાવરણ બની રહેશે.

**વૃષભ** : સંગીતના ક્ષેત્રમાં રુચિ વધશે. વેપાર-ધંધો સારો ચાલશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : સામાજિક ક્ષેત્રથી લાભ મળી શકશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

### ચિરવિદાય

- સ્વ. શંકરલાલ વિશ્વનાથ હવેરી (ઉ.વ. ૭૫) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.